આમીને ઘરફોડમાં ચોરેલો માલ મહારાષ્ટ્રના સોનીને વેચી માર્યો હતો

મુદ્દામાલ રીકવર કરવા માટે સોની સુધી પહોંચવા એલસીબીની ટીમ મહારાષ્ટ્ર જશે

ગાંધીનગર, તા.૧૫

રીઢો ઘરફોડીયો બની ગયેલો આમીન બાદશાહ મનસુરી કોર્ટમાંથી ભાગી છુટયા બાદ દિલ્હી જતો રહ્યો હતો અને અવારનવાર ગાંધીનગર-અમદાવાદ અને બરોડા સુધી પહોંચીને ૩૩ જેટલી ઘરફોડ ચોરીઓ કરી હતી. આ ઘરફોડો કર્યા બાદ ચોરીનો મુદ્દામાલ તેણે મહારાષ્ટ્રના વાણી વિસ્તારના એક સોનીને વેચી માર્યો હોવાનું પુછતાછમાં બહાર આવતા હવે ગાંધીનગર એલસીબીની ટીમ તપાસ માટે મહારાષ્ટ્ર જશે. ચોરીનો માલ રીકવર કરવા એલસીબીએ દોડધામ શરુ કરી છે.

ડબલ મર્ડર કરીને સેન્ટ્રલ જેલને હવાલે ગયેલો આમીન મનસુરી ગાંધીનગર કોર્ટમાં મુદતમાં આવ્યો હતો ત્યારે તેના બે ગુનેગાર મિત્રોની મદદથી કોર્ટ રુમની બારીમાંથી કુદીને ભાગી ગયો હતો. ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની ટીમે મહારાષ્ટ્ર પોલીસની મદદથી તેને નાસીકથી પકડી પાડયો હતો. ત્યાં કરેલી ઘરફોડ ચોરીઓના ગુનામાં મહારાષ્ટ્ર પોલીસની તપાસ પૂર્ણ થયા બાદ ગાંધીનગર એલસીબી ટ્રાન્સફર વોરંટથી આમીનને ગાંધીનગર લઈ આવી હતી. ઉંડી પુછપરછમાં ગાંધીનગર, અમદાવાદ અને બરોડામાં મળીને ૨૪ ઉપરાંત નાસિકની મળીને ૩૩ ઘરફોડ ચોરીઓ તથા ૩ વાહન ચોરીઓ તેણે કરી હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવી હતી. એલસીબીને સઘન પુછપરછ કરતાં આમીને જે જે સ્થળે ઘરફોડ કરી હતી તે પણ પોલીસને સ્થળ પર જઈને બતાવી હતી. ઘરફોડનો તમામ માલ તે મહારાષ્ટ્રના વાણી વિસ્તારના એક સોનીને વેચતો હોવાના નિવેદનને આધારે હવે પોલીસ સોની સુધી પહોંચવા તપાસ માટે મહારાષ્ટ્ર પહોંચશે.

ગાંધીનગર રોટરી ક્લબપ સંચાલિત ફિઝીયોથેરાપી સેન્ટરના વિસ્તરણનું ભૂમિપૂજન વિધિ રોટરી ઈન્ટરનેશનલના ડીસ્ટ્રીક્ટ ગર્વનર ડૉ. જ્ઞાનેશ્વર રાવના વરદ્‌હસ્તે કરાયો તે પ્રસંગની તસવીર.

ગાંધીનગર ફાયર બ્રિગેડના જવાનોને બે વર્ષથી યુનિફોર્મ ફળવાતા નથી...!

યુનિફોર્મથી વંચિત ફાયરબ્રિગેડ ફોર્સના જવાનોમાં નારાજગી

ગાંધીનગર, તા.૧૫

ખૂબ જ મહત્વની ગણાતી ફોર્સ ફાયરબ્રિગેડના તમામ જવાનોને છેલ્લા બે વર્ષથી તંત્ર એ યુનિફોર્મથી વંચિત રાખ્યા છે. ગાંધીનગર ફાયરબ્રિગેડના જવાનોને કોઈ કારણોસર તંત્ર દ્વારા બબ્બે વર્ષ થઈ ગયા હોવા છતાં યુનિફોર્મ ફાળવવાની ગતિવિધિ કરવાની પણ તસ્દી ન લેવામાં આવતા નારાજગી ફેલાઈ છે. નોંધનીય બાબત એ છે કે તંત્ર દ્વારા સફાઈ કામદારોને પણ યુનિફોર્મ ફાળવી દેવાયા છે પરંતુ ફાયરબ્રિગેડના જવાનોને યુનિફોર્મ ફાળવવા માટે ગ્રાન્ટ નથી અથવા તો સમય જ નથી...!

ગાંધીનગર પાટનગર હોવાથી મોટા મોટા સરકારી કાર્યક્રમો અહીં છાશવારે યોજાતા હોય છે. આ કાર્યક્રમોમાં આવતા વીવીઆઈપીના બંદોબસ્તમાં તથા અન્ય બીજા કાર્યક્રમોમાં પણ યોજાતા બંદોબસ્તમાં પોલીસ ઉપરાંત ફાયરબ્રિગેડ તેનાત હોય છે. આ પરિસ્થિતિમાં પણ ગાધીનગર ફાયરબ્રિગેડના જવાનો પોતાની પાસે ગણવેશ ન આવ્યા હોવાને કારણે મૂંઝવણમાં મુકાઈ જાય છે તો બીજી તરફ શહેર તથા આસપાસના વિસ્તારોમાં લગતી નાની મોટી આગને નિયંત્રીત કરવા જતી આ ફોર્સને યુનિફોર્મ વગર જ કોલમાં જવું પડતું હોય છે. તંત્ર દ્વારા ગાંધીનગર ફાયર બ્રિગેડમાં ફરજ બજાવતા ૨૦ જવાનોને છેલ્લે વર્ષ ૨૦૧૧માં યુનિફોર્મ આપવામાં આવ્યા હતાં. બબ્બે વર્ષ થઈ ગયા બાદ પણ હજુ ફરીથી યુનિફોર્મ ફાળવવામાં આવ્યા નથી. તંત્ર પાસે ગ્રાન્ટ નથી, સમય નથી કે યુનિફોર્મ આપવામાં રસ નથી...? તે તો તંત્ર જ જાણે...!

છાલા ગામે હસુદાદાના ઉર્સની ચારસોથી વધુ મહેંદીનું ભવ્ય જુલુસ નીકળ્યું

મહેંદીમાં તેલ પુરવા મોટી સંખ્યામાં હિન્દુ ભાઈ બહેનોની ઉપસ્થિતિ : માનવ મહેરામણ ઉમટયું

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર નજીક આવેલા છાલા ગામે મહોરમ માસના નવમા ચાંદે હસુદાદા પીરના ઉર્સ ઉજવણી ભારે ધામધૂમથી કરવામાં આવી હતી. ઉર્સ નિમિત્તે છાલા ગામમાંથી મહેંદી નીકળી હતી. આ વર્ષે ચારસોથી વધુ માનતાની મહેંદી નીકળતા ભવ્ય દૃશ્યો સર્જાયા હતા.

શ્રધ્ધા અને વિશ્વાસના પ્રતિક સમા આ ઉર્સ પર્વની નામના દિન પ્રતિદિન વધતી જાય છે. છાલા ગામની પાદરે સ્થિત હસુદાદા પીરની દરગાહનો ઉર્સ મહોરમ માસના નવમા ચાંદે ઉજવવામાં આવે છે. છાલા ઉપરાંત આસપાસના ગામડાઓના ગ્રામજનો ગાંધીનગર, અમદાવાદ, દહેગામ, પ્રાંતિજ અને મોડાસાના મુસ્લિમ બિરાદરો પણ તેમાં ખુબ મોટી સંખ્યામાં જોડાય છે. મહેંદીની રોશની જોવા સાંજના સમયે દરગાહની આસપાસ હકડેઠઠ ભીડ જામે છે. હસુદાદા ઉર્સ નિમિત્તે છાલા ગામમાંથી નીકળતી મહેંદીનું ખુબ મહાત્મ્ય છે. બાધા માનતા રાખતા બિરાદરો પીપળાના લાકડામાંથી મહેંદી બનાવે છે. જેમાં બે ભાગમાં લાકડાની મોટી ફ્રેમની ચારે બાજુ ૨૪ માટીના કોડીયા મુકી તેમાં તેલ પુરવામાં આવે છે. જયારે ટોચના ભાગે મોટા કોડીયામાં ઘીનું પુરણ કરવામાં આવે છે. દીવાઓથી ઝગમગતી આ મહેંદીનું વિશાળ સરઘસ ગામમાંથી નીકળે છે. ગઈ કાલે મહોરમના નવમા ચાંદે નીકળેલું વિશાળ સરઘસ 'ધુમ દાદા ધુમ બુખારી'ના નારા સાથે નીકળ્યું હતું અને મોડી સાંજે દરગાહના પ્રાંગણમાં પહોંચ્યું હતું. અહીં સમુહમાં ફાતેહા (પ્રાર્થના) પઢવામાં આવી હતી અને સૌને પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું. મહેંદીમાં તેલ પુરવા બસોથી વધુ હિન્દુ ભાઈ બહેનો શ્રધ્ધાપૂર્વક ઉપસ્થિત રહેતા કોમી એકતાના દર્શન થયા હતા. દરગાહ હાઈવેની નજીક હોવાથી પોલીસે વિશેષ બંદોબસ્તની વ્યવસ્થા કરી હતી. ચિલોડા પોલીસે મોડી રાત સુધી અહીં ખડે પગે રહી બંદોબસ્ત જાળવ્યો હતો. પી.આઈ. કે.કે. પંડયા, પીએસઆઈ એસ.આર. પટેલ તથા પી.જે. પંડયાએ સતત ઉપસ્થિત રહી બંદોબસ્ત જાળવી પ્રસંગને સફળ બનાવ્યો હતો.

સે.૧૯ પાસે એડી. સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરની પત્નિને અકસ્માત

બેફામ જતી ઈનોવા કારે અડફેટે લઈ કાર સાથે ચાલક ફરાર

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરના સે-૧૯ પાસેના રોડ પરથી ટુ વ્હીલર લઈને પસાર થઈ રહેલા સર્વ શિક્ષા અભિયાનના એડી. સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરની પત્નિને સડસડાટ જતી અજાણી ઈનોવા કારના ચાલકે અડફેટે લઈ લેતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માત બાદ કાર લઈને ચાલક ફરાર થઈ ગયો હતો. ઉચ્ચ અધિકારીના પત્નિને ગંભીર હાલતમાં એપોલો હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. સે-૨૧ પોલિસે અજાણ્યા ઈનોવા કારના ચાલક સામે ગુનો નોંધી તપાસ આરંભી છે.

શહેરના સે-૧૯ મકાન નં. ૨૫૮/૨, જી-૧ ટાઈપ ખાતે રહેતા સર્વ શિક્ષા અભિયાનના એડી. સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર અશોકકુમાર મદનગોપાલ શર્માના ૪૩ વર્ષીય પત્નિ અનિતાબેન આજે સવારે ટુ વ્હીલર લઈને સે-૨૦ની કોલેજ સામેના માર્ગે સે-૧૯ તરફ જવાના રસ્તા પરથી પસાર થઈ રહ્યા હતા તે દરમિયાન બેફામ ગતિએ નીકળેલી ઈનોવા કારે તેમને ટકકર મારી દીધી અને પળવારમાં ઈનોવા સાથે ડ્રાઈવર ફરાર થઈ ગયો હતો.

અનિતાબેનને ઈજાઓ થતાં તાત્કાલિક સારવાર અર્થે એપોલો હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતાં. જયાં દાખલ થયેલા અનિતાબેન હાલ સારવાર હેઠળ છે. અશોકકુમારની ફરિયાદને આધારે સે-૨૧ પોલીસે અજાણ્યા સિલ્વર રંગની ઈનોવા કારના ચાલક સામે ગુનો દાખલ કરી તેને શોધી કાઢવા તપાસ શરુ કરી છે.

ઉગમણા સત્તાવીશ ગોળ પરગણા રોહિત સમાજ તૃતીય ઈનામ વિતરણ સમારોહ

ઉગમણા સત્તાવીસ ગોળ પરગણા રોહિત સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટ ગાંધીનગર નૂતન વર્ષ તેમજ સમાજનો સ્નેહમિલન સમારોહ તા. ૧૭ નવેમ્બર રવિવાર બપોરે ૧.૦૦ કલાકે સંતશ્રી રોહિદાસ મંદિર સે. ૬ ખાતે યોજાશે. શહેરમાં વસતા રોહિત સમાજ દ્વારા સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન સમારંભ તેમજ નવા વર્ષ નિમિત્તે સમાજના સભ્યોને મળી નવા વર્ષની આપ-લે કરશે. સમાજના વિવિધ ક્ષેત્રમાં અભ્યાસ કરતા ઉચ્ચ ડીગ્રી મેળવેલ વિદ્યાર્થીઓને સન્માનવામાં આવશે. જેમાં કુંદનકુમાર રાઠોડ-એન્જિનીયર જીઈબી, દલપતદાસ બાપુ ગુરુગાદી-ઓરણ, ચંદુભાઈ પરમાર, માણસા, ખોડિદાસ પરમાર-માજી પ્રમુખ, મુલચંદભાઈ રાઠોડ-પેથાપુર, દેવજીભાઈ પરમાર-મોટી આદરજ, રમેશચંદ્ર પરમાર દાઢી-માણસા ઉપસ્થિત સમાજના વિદ્યાર્થીઓને સંબોધન કરશે.

સેકટર-૨ પેન્શનર્સ સમાજનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના સેકટર-૨માં નિવાસ કરતાં પેન્શનર મિત્રોનો નૂતન વર્ષ નિમિત્તનો સ્નેહમિલન કાર્યક્રમ તા. ૧૪મી નવેમ્બરના રોજ સંસ્થાના પ્રમુખશ્રી ડાહ્યાભાઈ પ્રજાપતિ, કાર્યક્રમ પ્રમુખશ્રી જયંતિભાઈ ભટ્ટ, મહામંત્રીશ્રી કે.ઓ. વ્યાસ તથા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલાં પેન્શનર મિત્રોની હાજરીમાં યોજાઈ ગયો. શ્રી નિરંજન ઓઝાએ પેન્શનર મિત્રો દ્વારા હાથ ધરવામાં આવેલ કાર્યક્રમોની વિગતો આપી હતી. મહેમાનોનું ડી.પી. સંઘાણી, અમીધર જરદોશ, જીતેન્દ્રભાઈ પુરોહિત વિગેરેએ પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું. શ્રી ડાહ્યાભાઈ પ્રજાપતિ, કાર્યકર પ્રમુખશ્રી જયંતભાઈ ભટ્ટે પ્રસંગને અનુરુપ પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. શ્રી ડી.પી. સંઘાણીએ આભારવિધિ કરી હતી. શ્રી લાલભાઈ દેસાઈએ યોગદાન આપેલ હતું. તા. ૨૭મી નવેમ્બરે બેઠક નિયત સ્થળે મળનાર છે.

ચિલોડા મોટા માર્કેટયાર્ડમાં દરરોજ ૪૦૦૦ મણ ડાંગરની આવકનો અંદાજ

ચિલોડા, તા. ૧૫

ગાંધીનગરની પાદરે ઉપનગર તરીકે વિકસી રહેલા ચિલોડા ખાતે મોટુ માર્કેટયાર્ડ આવેલું છે. જ્યાં આ વર્ષે ડાંગરની આવકથી ચિલોડા માર્કેટ યાર્ડમાં રેકોર્ડ નોંધાઈ જવા પામ્યો છે. ચાલુ સાલે ખરીફ પાકમાં કપાસ, મગફળી અને ડાંગરનું વાવેતર વિપુલ પ્રમાણમાં થવા પામ્યું હતું.

ચાલુ સાલે મેઘરાજા મન મુકીને વરસવાથી ધરતીપૂત્રોનો કપાસ, મગફળી જેવો પાક ધોવાઈ જવા પામ્યો હતો. પરંતુ કપાસ અને મગફળના પાકોનું સાટુ ડાંગરના પાકે વાળી દેતા ધરતીપૂત્રો આનંદવિભોર થઈ ગયા છે. ડાંગરના પાકમાં વરસાદની છેલ્લી ઈનીંગથી ડાંગર પથારીવશ થઈ જવા પામી હતી. જેનાથી થોડી ઘણી ડાંગરની ક્વોલીટી બગડી હોય તેવું પણ વેપારીઓ માની રહ્યા છે. દિવાળી બાદ ખેડૂતો ડાંગરની કાપણી કરી ડાંગરનો પાક માર્કેટયાર્ડમાં ઠાલવી રહ્યો છે.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ચિલોડા માર્કેટ યાર્ડ ખાતે માર્કેટ યાર્ડના અસ્તિત્વ બાદ પ્રથમ વખત ડાંગરનું વિપુલ પ્રમાણમાં ખેડૂતો દ્વારા ઠાલવવામાં આવી છે. લાભ પાંચમના દિવસથી લઈ આજસુધી ચિલોડાના આસપાસના

ગામડાના ધરતીપૂત્રઓ દ્વારા ૪૦૦૦ મણથી વધુ ડાંગરની આવક થવા પામી છે. ડાંગર ભરીને આવતા ટ્રેક્ટરો અને ગાડીઓથી યાર્ડમાં લાઈનો લાગી જવા પામી છે. ખેડૂતોને યોગ્ય ભાવ મળી રહે તેથી વેપારીઓ તથા ગુજકો માસોલ દ્વારા ડાંગરના ભાવ રદ્‌૫ થી ૨૯૦ સુધીનો ભાવ બોલાઈ રહ્યો છે. જેથી માર્કેટયાર્ડ ડાંગરની મબલખ આવકથી ધમધમી રહ્યું છે.

ચિલોડા-નરોડા જવાના મુખ્ય માર્ગ પર માર્કેટયાર્ડ આવ્યું છે. જેથી ગ્રામ્ય વિસ્તારના ખેડૂતો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહ્યું છે. માર્કેટયાર્ડમાં ખેડૂતો તેમજ વેપારીઓને અગવડ ના પડે તે હેતુથી યાર્ડમાં વિશાળ શેડ બનાવવામાં આવ્યા છે. યાર્ડમાં ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ગુજકો માસોલ દ્વારા ટેકાના ભાવે માલને ઉંચી કિંમતે ખરીદવામાં આવી રહ્યો છે. જે ખેડૂતો માટે ઉજળા સંકેત આપે છે. જ્યારે ગાંધીનગર તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘ દ્વારા ખેડૂતોને જીવનજ જરૂરીયાત ચીજવસ્તુઓ, રસાયણિક ખાતરો, સર્ટીફાઈડ બિયારણ, જંતુનાશક દવાઓ જેવી સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૮
સૂર્યાસ્ત : ૫.૫૫

તાપમાન

મહત્તમ : ૩૦.૮ ડિ.સે.
લઘુતમ : ૧૭.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૩ ટકા ● સાંજે ૫૫ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
રામલીલા : ૯.૧૦, ૧૨.૧૦, ૬.૪૦, ૯.૫૫
થોર ધ ડાર્ક વર્લ્ડ : ૩.૨૫

: સ્ક્રીન-૨ :
ક્રિશ-૩ : ૧૦.૧૦, ૧.૧૦, ૪.૪૦, ૭.૧૦, ૧૦.૧૦

: સ્ક્રીન-૩ :
રામલીલા : ૯.૫૫, ૧૨.૫૫, ૪.૧૦, ૭.૨૫, ૧૦.૪૦

: સ્ક્રીન-૪ :
રામલીલા : ૮.૨૫, ૧૧.૨૫, ૨.૪૦, ૫.૫૫, ૯.૧૦

આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
ક્રિશ -૩ : ૯.૪૫, ૧૨.૪૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
ક્રિશ -૩: ૯.૦૦, ૧૨.૦૦, ૩.૧૫, ૬.૩૦, ૯.૪૫

મૂર્ણા, વાવોલ

ક્રિશ -૩ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
પાટણથી પાકિસ્તાન : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
રામલીલા : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
રામલીલા : ૧૦.૦૦, ૧.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
ક્રિશ-૩ : ૪.૦૦

: સ્ક્રીન-૩ :
રજ્જો : ૧૦.૩૦, ૧૦.૩૦
રામલીલા : ૪.૦૦
ક્રિશ-૩ : ૧.૩૦, ૭.૩૦

સિરાગ, કલોલ

ક્રિશ -૩:૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : તમારી ઈચ્છાઓ તેમજ મહત્વકાંક્ષા પૂર્ણ થશે. તમારા આત્મવિશ્વાસમાં વધારો થશે. ભાગીદારથી લાભ પ્રાપ્ત થવાની સંભાવના છે. આર્થિક ક્ષેત્રમાં વિવાદિત કાર્યોનો હલ કરવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકે છે.

વૃષભ : આમોદ-પ્રમોદ વિલાસિતામાં સમય પસાર થશે. વધુ પ્રયત્ન કરવો પડશે. સંબંધો પ્રત્યે સાવધાની રાખવી જરૂરી બની રહેશે. વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્તિ થઈ શકે છે.

મિથુન : કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશ થઈ શકે છે. વિશિષ્ટ ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યોના આયોજનો થઈ શકશે. સામાજિક સમસ્યાઓમાં સહયોગ પ્રાપ્ત કરવો પડશે. આર્થિક કાર્યો માટે વિશેષ યાત્રાઓ થઈ શકે છે.

કર્ક : વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થશે. કૌટુંબીજનોના સાથ સહકાર- પ્રેમથી મન પ્રસન્નતા પ્રાપ્ત થશે. મિત્રોનાં સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના વધે છે. વિશેષ સહયોગ, માર્ગદર્શન મળશે.

સિંહ : આર્થિક ઉન્નતિ થશે. નોકરીમાં સ્થાનાંતરણનો યોગ બનશે. શારીરિક સુખ પ્રાપ્તિનો યોગ. સામાજિક અને રાજકીય ક્ષેત્રમાં પદ-પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

કન્યા : ભૂમિ-સંપત્તિનાસોદામાં લાભ થવાની સંભાવના છે. યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી અટકેલા નાણાં પાછા મળશે. ઉપરી અધિકારીઓ દ્વારા આપના પર કાર્યભાર વધી શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી.

તુલા : જ્ઞાન શોધના કાર્યોમાં આપનું મન પરોવાશે. ધ્યાન, ગહન શોધ, જ્ઞાન, ગુપ્ત જ્ઞાન સંબંધી કાર્યોમાં તમે જોડાઈ શકો છો. અટવાયેલા કાર્યોમાં આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થઈ શકે છે.

વૃશ્ચિક : કોઈ અટકેલું કાર્ય પૂર્ણ થવાથી આનંદ થશે. વ્યાપારમાં પ્રગતિ જણાય. આરોગ્ય પ્રત્યે બેદરકારી ન રાખવી. નવા વાહનની ખરીદી થઈ શકે છે. સામાજિક અને ધાર્મિક કાર્યોથી તમને યશ અને સન્માન પ્રાપ્ત થઈ શકશે.

ધન : કોઈ ચિંતાથી મુક્તિ મળશે. સમસ્યાઓનો ઉકેલ આવશે. આવકના નવા સાધનો પ્રાપ્ત થશે. આપ પોતાની બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વિકાસ સાધી શકશો. હિતશત્રુઓ દ્વારા હાનિ થવાની સંભાવના રહેલ છે.

મકર : સ્વભાવની સાદગીનો લાભ આપના સુખમાં વૃદ્ધિ કરશે. રોજગારીક્ષેત્રમાં નવા રસ્તાઓ તમને મળી શકે છે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. આપના પ્રયાસોથી વ્યાપારને ટોચ પર પહોંચાવી શકશો.

કુંભ : વિઘ્નો, મુશ્કેલીઓનો સામનો કરી લક્ષ્યને પ્રાપ્ત કરવામાં સફળ થશો. આપને નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. નાણાંકીય કાર્યોમાં સંશોધન થશે. વેપારમાં રોકાણ વિચારીને કરવું. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

મીન : તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદરમાન અપાવશે. સામાજિક અને રાજકારણ ક્ષેત્રમાં માન-પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશ